For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મુસાફરોને તકલીફ નહીં પડે તેવી મોટી મોટી વાત કરવામાં આવી હતી

# ઉધના રેલવેનું પાર્કિંગ બપોરે 12 વાગ્યે જ ફૂલ થઇ જાય છે

**ઉધના** સ્ટેશન ખાતે બપોર પછી જ સૌથી વધુ ટ્રેનો આવે છે ત્યારે જ લોકોને પાર્કિંગ નહિ મળતાં હાલાકી




સુરત: ઉધના રેલ્વે સ્ટેશન પર પાર્કિંગ માટેની અપૂરતી વ્યવસ્થા મુસાફરો માટે સતત તકલીફનું કારણ બની રહી છે. સ્ટેશન ખાતે સવારના 12 વાગ્યાના પહેલા જ પાર્કિંગ ફૂલ થઈ જાય છે, જેના કારણે મોટરસાયકલ અને કાર લઈને આવનારા લોકોને સમસ્યા નડી રહી છે. કોન્ટ્રાકટર દ્વારા પાર્કિંગ ફૂલ હોવાનો બોર્ડ મૂકવામાં આવતાં મુસાફરોને તેમની ગાડીઓ અન્યત્ર પાર્ક કરવાની ફરજ પડે છે.

ઉધના રેલ્વે સ્ટેશન પર પાર્કિંગ સમસ્યા એટલા માટે વધુ ગંભીર બની છે કે સુરત રેલ્વે સ્ટેશનની રીડેવલપમેન્ટ કામગીરીને કારણે અહીં 200 જેટલી ટ્રેનો અવર-જવર શિફ્ટ કરવામાં આવી છે. આ કારણે હજારો લોકો રોજ ઉધના સ્ટેશન પર પહોંચે છે. મુસાફરો માટે વધુ સુવિધાઓને પાયો મજબૂત કરવાના દાવા વચ્ચે પાર્કિંગ જેવી સામાન્ય વાત પણ મોટી મુશ્કેલી બની ગઈ છે. મહત્વની વાત એ છે કે, ઉધના સ્ટેશન ખાતે બપોર પછી એટલે કે 3 વાગ્યાના પછી સૌથી વધુ ટ્રેનો આવતી હોય છે. તે પહેલાં જ પાર્કિંગ ફૂલ થઇ જતાં લોકો અટવાઈ રહ્યા છે. જેથી ઉધના પર પાર્કિંગ વ્યવસ્થા બોજારૂપી સમસ્યા થઈ રહી છે.

### ઉધના રેલ્વે સ્ટેશન પર હોલ્ડિંગ એરિયા ફક્ત નામ માત્રનો, ફક્ત ત્રણ બેન્ચ મૂકી દેવાઇ



ઉધના રેલ્વે સ્ટેશન પર હોલ્ડિંગ એરિયાની વ્યવસ્થા લોકો માટે ફક્ત શોભાના ગાંઠિયાં સમાન સાબિત થઈ રહી છે. રેલ્વે તંત્ર દ્વારા હોલ્ડિંગ એરિયા ઊભો કરવાની જાહેરાત બાદ પણ અહીં સુવિધાઓમાં કોઈ વધારો નથી થયો. હોલ્ડિંગ એરિયામાં કોન્ટ્રાકટર દ્વારા બેદરકારી દાખવવામાં આવી રહી છે અને લોકો પોતપોતાના વાહનો અહીં જ પાર્ક કરી દે છે, જેના કારણે મુસાફરોને હોલ્ડિંગ કરવું મુશ્કેલ બની રહ્યું છે. રેલ્વે તંત્રએ હોલ્ડિંગ એરિયાને મુસાફરો માટે આરામદાયક જગ્યા બનાવવા ઉદ્દેશ રાખ્યો હતો, પરંતુ હાલની સ્થિતિ તેની વિપરીત છે. પાર્કિંગની સમસ્યાને કારણે લોકો પોતાની ગાડીઓ હોલ્ડિંગ એરિયામાં પાર્ક કરી રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે હોલ્ડિંગ માટે જગ્યા ઓછી પડી રહી છે અને લોકોને ગંદકીમાં બેસવું-ઉઠવું પડે છે. રેલ્વે તંત્ર દ્વારા માત્ર નામ પૂરતું હોલ્ડિંગ એરિયા બનાવ્યો

અનુસંધાન પાના ૫ પર

# ખો-ખોની ભારતીય ટીમમાં ડાંગની ઓપીના ૯ નંબરની જર્સી સાથે મેદાનમાં ઉતરી હતી

**બિલિઆંબા** ગામની રહેવાસી અને ગુજરાતની કેપ્ટન ઓપીના ભિલારે ઓલ રાઉન્ડર તરીકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું




સાપુતારા : પ્રત્યેક ભારતીયનાં ઘર ઘર અને મહોલ્લે મહોલ્લે રમાતી 'ખો ખો' જેવી ગ્રામીણ રમતને 'માટીથી મેટ' સુધી પહોંચાડવાની, અને દેશની માટીની મહેકને વિશ્વ સમસ્તમા પ્રસરાવીને ખો ખો ફેડરેશન ઓફ ઇન્ડિયાના પ્રયાસને મળેલી અઢળક ચાહનાએ, વિશ્વ આખાને ખો ખો વર્લ્ડ કપની ભેટ આપતા, આજે દેશ અને દુનિયામા ખો ખો નો ડંકો વાગી ચુક્યો છે.

ત્યારે દેશના ચરણોમા પ્રથમ વર્લ્ડ કપ ટ્રોફીની ભેટ ધરનાર ભારતીય (વુમન્સ) ખો ખો ટીમમા એક ખેલાડી તરીકે સામેલ ડાંગની દીકરી ઓપીના ભિલારે, ડાંગ અને ગુજરાતનુ નામ દેશ અને દુનિયામા રોશન કર્યું છે. બિલિઆંબા ગામની આ ખેલાડીએ લીગ રાઉન્ડની સાઉથ કોરિયા, ઈરાન, અને મલેશિયા સામેની મેચમા, તથા સાઉથ કોરિયા સામેની સેમી ફાઇનલ અને નેપાળ સામેની ફાઇનલ મેચમા નવ (૯) નંબરની જર્સી સાથે, એક ઓલ રાઉન્ડર ખેલાડી તરીકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી, ટીમની જીતમાં પોતાનુ યોગદાન નોંધાવ્યું છે.



બેસ્ટ ડિફેન્ડર અને બેસ્ટ એટેકર એવી એક ઓલ રાઉન્ડર ખેલાડી તરીકે, ગુજરાત ખો ખો ટીમની કેપ્ટન ઓપીના ભિલારે, ખો ખો રમતના તમામ પાસાઓ જેવા કે પોલ ડાઇવ, સ્કાય ડાઇવ, ટચ પોઇન્ટ, અધર ડાઇવ, અને ડ્રીમ રન મેળવવામા પણ તેનો ફાળો નોંધાવ્યો છે.

ભારતના ચરણોમાં પ્રથમ વિશ્વ કપની વિજેતા ટ્રોફી ધરનારી ભારતીય (વુમન્સ) ટીમ સહિત, ડાંગની આ દીકરીને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### ઓપીના ભિલારનું વર્લ્ડ કપમાં ભારતને સુર્વણચંદ્રક અપાવવાનું લક્ષ્ય પૂર્ણ થયું

ઓપીનાએ પોતાની શૈક્ષણિક સફર ગામની શાળામાં ધોરણ 1થી 8 સુધી પૂરી કરી, જ્યાં તેમનામાં ખો-ખોની રમત પ્રત્યે રુચિ જાગી. વર્ષ 2017-18 સુધી તેમણે કોચ સુનિલભાઈ મિસ્ત્રી પાસેથી તાલીમ મેળવી અને ત્યારબાદ 2019-20થી કોચ સંજયભાઈ કોસાડાના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદ નોન રેસિડેન્સીયલ સેન્ટર ઓફ એક્સિલન્સીમાં તાલીમ લીધી. પદ્મશ્રી પી.ટી. ઉષાને પોતાનો આદર્શ માનતી ઓપીનાનું લક્ષ્ય 2036માં ભારતમાં યોજનારા ઓલિમ્પિકમાં ભાગ લેવાનું છે. તે પહેલાં તે વર્લ્ડ કપમાં ભારત માટે સુવર્ણચંદ્રક જીતવા માટે પ્રતિબદ્ધ હતી. જે લક્ષ્ય આજે પૂર્ણ થયું છે.

### ફાઇનલમાં ઓપીનાનું આ પોઝીશનમાં શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું

પોલ ડાઇવ



સ્કાય ડાઇવ



ટચ પોઇન્ટ



(પ્રતિકાત્મક તસવીરો)

### દરેક ક્ષેત્રમાં સફળતાના આશીર્વાદ એટલે હલ્દી-કંકુ મહોત્સવ




મહાષ્ટ્રની પરંપરા મુજબ સુરતમાં રહેતા બાવલે ગ્રામસ્થ મંડળે ભટારરોડ કોમ્યુનિટી હોલ ખાતે હલ્દી-કંકુ મહોત્સવ ઉજવ્યો હતો. આ સમાજની મહિલાઓએ એકબીજાને હલ્દી અને કંકુનું તિલક કર્યું હતું. **(તસવીર : હેમંત ડેરે)**

# સાયણમાં હાઈવા ડમ્પરે બાઈકને અડફેટે લેતાં મા-દીકરીનાં મોત

**પૂર્વમાં** ઝાટકાદેવી મંદિર નજીક ગમખ્વાર અકસ્માત, ડમ્પરના ટાયર મા-દીકરી પર ફરી વળ્યા

**સુરતમાં** રહેતો યુવક પત્ની અને પુત્રીને લઈને રંગોળી ચોકડીથી ઓલપાડ આવતો હતો, યુવકને પણ ગંભીર ઈજા



સાયણઃ સાયણ ટાઉનના પૂર્વ વિભાગમાં ઝાટકાદેવી મંદિર નજીક પુરઝડપે દોડતા ડમ્પરના ચાલકે મો.સા. ઉપર જઈ રહેલા સૌરાષ્ટ્રના પરિવારને અડફેટે લેતા માં-દીકરીનું મોત થયું હતું. જ્યારે પતિને ગંભીર ઈજા થઈ હતી.

મૂળ સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના વતની સતિષ ગણેશભાઈ નાકરાણી (ઉ.વ.૩૧) હાલ ઉમરા ગામે શિવ બંગ્લોઝ, નં- ૩૨૧માં પરિવાર સાથે રહી નોકરી કરે છે. ગત શનિવારે ૧૮મીના રોજ મોડી સાંજે સતિષભાઈ તેમની મો.સા. નં:જીજે-૦૫ એમ.બી ૩૨૯૭ પર પત્ની ઝલકબેન અને પુત્રી કિશ્વીને લઈને વેલંજા રંગોલી ચોકડીથી ઓલપાડ તરફ જતા હતાં. સાંજે ૭:૧૫ના સુમારે સાયણના પૂર્વ વિભાગમાં ઝાટકાદેવી મંદિરથી આગળ યોગી ચિલ્ડ્રન હોસ્પિટલ સામેના રોડ પર હાઈવા ડમ્પર નંઃ જીજે-૦૫,સી.વાય-૦૧૨૭ના ચાલકે

અનુસંધાન પાના ૫ પર

# વરેલીમાં નરાધમ 4 વર્ષની માસૂમ બાળકીને પિંખી ફરાર

**ઘર** પાસે રમતી હતી ત્યારે ઉપાડી ગયો, બાળકી રડતી રડતી ઘરે આવી ત્યારે હેવાનિયતનો શિકાર બની હોવાનું જણાતાં પોલીસ દોડતી થઈ

**LCB** સહિતની ટીમની નરાધમને ઝડપી પાડવા દોડાદોડ, CCTV ફૂટેજના આધારે સમગ્ર પંથકમાં શોધખોળ ચાલુ



પલસાણાઃ પલસાણા તાલુકાના વરેલી ખાતે ગીતગોવિંદ સોસાયટીમાં રહેતી 4 વર્ષની માસૂમ બાળા ઘરની બહાર રમી રહી હતી, ત્યારે એક નરાધમ બાળાને ઊંચકી લઈ જઈ પિંખી નાંખવાની ઘટનાને લઈ કડોદરા પોલીસ દોડતી થઈ છે.

આ અંગે ઘટના સ્થળ પરથી મળતી માહિતી અનુસાર પલસાણા તાલુકાના વરેલી ખાતે ગીત ગોવિંદ સોસાયટીમાં રહેતા શ્રમજીવી પરિવારની ચાર વર્ષની બાળકીના માતાપિતા નોકરી પર ગયા હતા. બાળકી દાદા-દાદી સાથે ઘરે એકલી હતી. બપોરના 12 વાગ્યાની આસપાસ બાળકી ઘરે એકલી રમી રહી હતી ત્યારે અચાનક ગુમ થઈ ગઈ હતી. પોણા એક વાગ્યાની આસપાસ બાળકી રડતી રડતી ઘરે પહોંચી હતી. તેના ગુપ્ત ભાગમાંથી લોહી નીકળતું હોવાથી બાળકીના દાદા-દાદીએ તાત્કાલિક તેના માતા-પિતાને જાણ કરી હતી. ત્યારબાદ ઘટના અંગે કડોદરા પોલીસને જાણ કરતા જ કડોદરા પોલીસ સ્ટાફના માણસો સ્થળ પર ધસી આવ્યા હતા.

CCTV કેમેરા તેમજ અન્ય કેટલીક બાબતો તપાસવાનું શરૂ કરતાં એક નરાધમ બાળકીને ઊંચકીને લઈ જતો નજરે પડ્યો હતો. જેણે બાળકીને પિંખી નાખ્યા બાદ છોડી દીધી હતી. સમગ્ર ઘટના બાદ પોલીસે આરોપીને શોધવા માટે સમગ્ર વિસ્તારમાં તપાસ શરૂ કરી છે. સ્થાનિક પોલીસ ઉપરાંત LCBની ટીમ પણ સ્થળ પર પહોંચી છે અને તપાસ શરૂ કરી છે. પોલીસે આ ઘટના અંગે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા થોડા દિવસોમાં વરેલી પંથકમાં ચાર જેટલા ચપ્પુથી હુમલાની ઘટના બાદ વરેલીને અડીને આવેલા હરિપુરા વિસ્તારમાં એક યુવકની હત્યા અને ત્યારબાદ બાળકી સાથે રેપની ઘટનાએ સમગ્ર પંથકમાં ભયનો માહોલ ઉભો કર્યો છે.

# પતિએ મોઢું દબાવી દીધું અને નણંદે ઉંદર મારવાનો પાઉડર પીવડાવી દીધો

**નણંદનું** સગપણ પરિણીતાના ભાઇ સાથે તૂટી જતાં ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું

સુરતઃ ઉમરવાડામાં રહેતી પરિણીતાને બળજબરીથી ઉંદર મારવાનો પાઉડર પીવડાવી પતિ અને નણંદે હત્યાની કોશિશ કરી હતી. હાલ આ પરિણીતાને સ્મીમેરમાં સારવાર ચાલી રહી છે. આ બનાવની ફરિયાદ થતાં પૂણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ નવા કમેલા દરવાજા સ્થિત ઉમરવાડાનાં સંજય નગરમાં રહેતી અને મૂળ યુ.પીની 25 વર્ષીય તસ્લીમા આકીબ યુસુફ અન્સારીએ પુણા પોલીસ સ્ટેશનમાં પતિ આકીબ યુસુફ અન્સારી અને નણંદ રોશનબેન ઇકરાર અબ્દુલ ફૈઝૂમ અન્સારી (બંને રહે., સંજય નગર ઝૂંપડપટ્ટી, નવા કમેલા દરવાજા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. તેણે તેની ફરિયાદમાં જણાવ્યા મુજબ તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા આકીબ સાથે થયા હતાં. લગ્ન બાદ તે પતિ સાથે સુરતમાં રહેતી હતી. જ્યારે તેની નણંદનું સગપણ તેના સગાભાઇ કસબુદ્દીન સાથે થયું હતું.

જો કે, બંને વચ્ચે મનમેળ નહીં થતાં સગાઇ તૂટી ગઇ હતી. ત્યારથી જ તસ્લીમાના સંસારમાં પણ આગ લાગી હતી. જે દિવસે નણંદની સગાઇ તૂટી ગઇ હતી તે દિવસે તો પતિએ તેને મારી જ હતી ત્યાર બાદ તેને ખોળે બીજી પણ પુત્રી જ જન્મતા તે બાબતે તેના પર સાસરિયાઓ ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. અંતે કંટાળીને તે તેના પિયર ચાલી ગઇ હતી પરંતુ તેના પિયરિયાઓએ સમજ જતાં બધુ થાળે પડી જશે તેમ સમજાવી તેને ફરી થી સાસરે મોકલી આપી હતી. દરમિયાન ગઇ તારીખ 17મીના રોજ તેનો પતિ ઉંઘી રહ્યો હતો ત્યારે તેમની દીકરીએ અચાનક બૂમાબૂમ કરતાં તેનો પતિ ઉંઘમાંથી જાગી ગયો હતો.

જેથી તેણે દીકરીને મારવાનું શરુ કર્યું હતું. ત્યારબાદ આ મુદ્દે બપોરે ફરી વિવાદ થતાં આજે તો તને પતાવી જ દેવાની છે તેમ કરી પતિ અને નણંદ બંને તેને માર મારવા લાગ્યા હતા અને પતિએ મોંઢુ દબાવી રાખ્યું હતું જ્યારે નણંદે બળજબરીથી ઉંદર મારવાનો પાઉડર પીવડાવી દીધો હતો.

આ બનાવની ફરિયાદ થતાં પુણા પોલીસે આ મામલે પતિ આકીબ અન્સારી અને રોશન અન્સારી વિરૂદ્ધ હત્યાની કોશીશ નો ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

# શહેરમાં ગરમીમાં વધારો અને હવામાં ભેજના પ્રમાણમાં ઘટાડો નોંધાયો

**મહત્તમ** અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૪.૬ ડિગ્રી અને ૧૮.૮ ડિગ્રી નોંધાયું

સુરત : શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં વધારો અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. જેથી બપોરે ગરમી અને સવારે તથા સાંજે ઠંડીનો અહેસાસ થયો હતો.

સુરત શહેરમાં તાપમાનમાં સતત વધારો અને હવામાનમાં ફેરફારો નોંધાઈ રહ્યા છે. ગઈકાલે, 18 જાન્યુઆરીએ મહત્તમ તાપમાન 34.0 ડિગ્રી સેલ્સિયસ અને ન્યુનતમ તાપમાન 20.2 ડિગ્રી સેલ્સિયસ હતું. આજે, 19 જાન્યુઆરીએ મહત્તમ તાપમાનમાં થોડો વધારો થઈને 34.6 ડિગ્રી સેલ્સિયસ થયું છે, જ્યારે ન્યુનતમ તાપમાન 18.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજના પ્રમાણમાં ઘટાડો જોવા મળ્યો છે, જે ગઈકાલે 56 ટકા હતું અને આજે ઘટીને 40 ટકા રહ્યું છે. પવનની ગતિ શાંત છે અને ગતિશીલતા ખૂબ જ ઓછી છે. હવામાન વિશેષજ્ઞોના મતે, ભેજના ઘટાડાને કારણે ગરમી વધુ તીવ્ર અનુભવી શકાય છે. પરંતુ સાંજે અને સવારે થોડી ઠંડક રહેશે.

**રાજ્યના જિલ્લાઓનું તાપમાન**

| | |
|---|---|
| અમદાવાદ | 18 ડિ.સે. |
| ડીસા | 15 ડિ.સે. |
| ગાંધીનગર | 17 ડિ.સે. |
| વલ્લભ વિદ્યાનગર | 17 ડિ.સે. |
| વડોદરા | 19 ડિ.સે. |
| સુરત | 19 ડિ.સે. |
| ભૂજમાં | 13 ડિ.સે. |
| નલિયા | 11 ડિ.સે. |
| કંડલા પોર્ટ | 15 ડિ.સે. |
| કંડલા એરપોર્ટ | 14 ડિ.સે. |
| અમરેલી | 15 ડિ.સે. |
| ભાવનગર | 16 ડિ.સે. |
| રાજકોટ | 15 ડિ.સે. |
| સુરેન્દ્રનગર | 17 ડિ.સે. |
| મહુવા | 16 ડિ.સે. |
| કેશોદ | 16 ડિ.સે. |

# 5 વર્ષનું બાળક 7 કિમી ચાલી થાકીને સૂઈ ગયું

**ગુમ** બાળકને પોલીસે 100થી વધુ CCTV ચેક કરી શોધી કાઢ્યું



સુરત શહેરમાં પોલીસ વધુ એકવાર દેવદૂત બની હોવાનો કિસ્સો સામે આવ્યો છે. રાંદેર વિસ્તારમાં પાંચ વર્ષીય બાળક ગુમ થઈ જતાં પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો. આ અંગેની રાંદેર પોલીસને જાણ થતાં 100થી વધુ સીસીટીવી ચેક કરી ગણતરીના કલાકોમાં બાળકને શોધી કાઢ્યું હતું. ત્યાર બાદ તેનું પરિવાર સાથે મિલન થતાં પોલીસ સ્ટેશનમાં લાગણીસભર દ્દશ્યો સર્જાયાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે આ પાંચ વર્ષનું બાળક ચાલતાં-ચાલતાં સાત કિમી જેટલું દૂર જતું રહ્યું હતું. ત્યાર બાદ તે થાકી જતાં ત્યાં જ સૂઈ ગયું હતું.

મળતી માહિતી પ્રમાણે, મૂળ દાહોદનાં વતની એવાં રમીલાબેન અબેસ ડોડિયાર અને તેમના પતિ અભેસ કાળુભાઈ છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાત ચલાવે છે. તેમને સંતાનમાં ત્રણ બાળક છે, જેમને મજૂરીકામ દરમિયાન સાથે જ લઈ જાય છે. તેઓ મજૂરી કરતા હોય અને સાથે-સાથે બાળકો રમતાં હોય છે. ગઈકાલે (18 જાન્યુઆરી) સવારે 10:00 વાગે તેઓ રાંદેર શેલબી હોસ્પિટલ પાસે મજૂરીકામ અર્થે આવ્યાં હતાં અને સાથે પોતાનાં બાળકોને પણ લઈ આવ્યાં હતાં. દરમિયાન જશુ નામનો તેમનો પુત્ર પિતા પાસે બિસ્કિટ લેવા માટે પાંચ રૂપિયા લઈને નીકળ્યો ત્યાર બાદ તે રસ્તો ભૂલી જતાં ગુમ થઈ ગયો હતો. જેની જાણ રાંદેર પોલીસને કરવામાં આવતા તેમણે 100થી વધારે સીસીટીવી ચેક કરી, જ્યાં જ્યાંથી આ બાળક પસાર થયું એના સગડ મેળવી સ્થાનિક રહેવાસીઓનો સંપર્ક કરી પોલીસે તેના ફોટો-વીડિયો શેર કર્યા હતા. આ દરમિયાન પોલીસને આ બાળક રાંદેરના ક્ષેત્રપાળ દાદાના મંદિર પાસેથી મળ્યું હતું. બાળક તેનાં માતા-પિતા પાસેથી ચાલતાં-ચાલતાં સાત કિલોમીટર જેટલું દૂર આવી ગયું હતું. ત્યાર બાદ તે ખૂબ જ થાકી જતાં રોડની સાઈડમાં જ સૂઈ ગયું હતું.

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર
અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

સત્ કૈવલ સાહેબ
અમારા વડીલ શ્રીમતી જમનાબેન ને શ્રદ્ધાંજલિ

સ્વ. જમનાબેન હરિભાઈ ઉમરીગર
સ્વ. તા. ૧૬.૦૧.૨૦૨૫
સ્મિત ભરેલુ જીવન જીવી ગયા, સ્નેહથી સૌના હૈયામાં વસી ગયા,
આપની પ્રેમાળ છબી અમારા હૈયામાં અકબંધ રહેશે.
સમય તો વિતતો જશે પરંતુ આપની સેવા રૂપી છાયા સદાય અમારી સાથે રહેશે.
લિ.
ભીખાભાઈ જીવાભાઈ ઉમરીગર
કિરણભાઈ ભીખાભાઈ ઉમરીગર
કેવીનભાઈ રાજેશભાઈ ઉમરીગર
હરજીવનભાઈ જીવાભાઈ ઉમરીગર
મહેશભાઈ રમણભાઈ ઉમરીગર
મનીષભાઈ રમણભાઈ ઉમરીગર
હરીશભાઈ નાનુભાઈ ઉમરીગર
શૈલેષભાઈ નાનુભાઈ ઉમરીગર
સિદ્ધાર્થ યોગેશભાઈ ઉમરીગર
કિશનભાઈ યોગેશભાઈ ઉમરીગર
સમસ્ત જીવાભાઈ પરિવાર, પાંચ બંગલા, ઉમરા